## વચનામૃત



જયાં સુધી રમણીય પંચવિષયમાં ચિત્ત લોભાય છે ત્યાં સુધી મોહ ટળે નહિ. અને જ્યારે એને ગમતો વિષય હોય ને તેમાં ચિત્ત તણાતું હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઇષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે તો તે ઉપર રીસ ચડે અને તેનો દ્રોહ થાય પણ તેનું વચન મનાય નહિ. એવું જેના અંતરમાં વર્તતું હોય તેને મોહ કહીએ. (ગ.મ.પ્ર.।।૧।। ૧૩૪)

કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

# વાવડ

BHUJ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર • કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર

Reg. NO. G-KCH-018/2024/26
RNI No. 27550/74
PRB એક્ટ હેઠળ પ્રકાશન માટે જવાબદાર
www.vavaddaily.com
E-mail : vavaddaily@gmail.com
પત્ર વ્યવહારનું સરનામું
વાવડ કાર્યાલય
'અક્ષરધામ' ૧૦૪/એ, લોટસ કોલોની , ભુજ.
મોબાઈલ : 98797 65225 ફોન : (૦૨૮૩૨) ૨૫૦૨૬૫

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER, Printed at JAHNAVI Offset, 105/B, Lotus colony BHUJ-KUTCH 370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH, Editor RAM KARSHANDAS THACKER



તંત્રી : સ્થાનેથી...

## સાવધાન

# શું કોંગ્રેસ મહિલાઓ પાસેથી તેમના મંગલસૂત્ર ખરેખર છીનવી લેશે ?

@ રામ કરશનદાસ ઠક્કર

રાહુલ ગાંધીએ 'અમે સત્તામાં આવીશું તો 'મિલકતની વહેંચણી' અંગે સર્વે કરાવીશું. જેટલી વસ્તી એટલો હક આપીશું' એમ કહીને કોંગ્રેસની મૂશ્કેલી વધારી દીધી છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, એસટી, ઓબીસી અને લઘુમતીઓની સંખ્યા દેશની કુલ વસ્તીના ૯૦ ટકા છે. પરંતુ, તમે તેમને નોકરીમાં જોશો નહીં. સત્ય એ છે કે આ વસ્તીના ૯૦ ટકા લોકો પાસે કોઈ હિસ્સો નથી.' કોંગ્રેસના ચુંટણી ઢંઢેરામાં પણ આ સંકેત આપવામાં આવ્યો છે, જેટલી જેની આબાદી, તેટલો તેનો હક કહીને કોંગ્રેસ એક સક્ષમ વ્યક્તિના ખૂન પસીનાની કમાણી, તેઓ વગર મહેનતે અન્ય લોકોને વહેંચી દેવા માગે છે એવો જ થાય છે. રાહુલ ગાંધી કહે છે કે, એસટી, ઓબીસી અને લઘુમતીઓ (સરકારી)નોકરઓમાં જોવા મળતા નથી. શું કોઈ આ વાત માની શકશે ? સરકારો ઓફિસોમાં ચક્કર લગાવી આવશો તો ખબર પડશે કે આ જાતિઓ સિવાયના કેટલા લોકો નોકરીઓમાં છે અને કેટલા આ જાતિના લોકો છે. જો તેમ નહોય તો અનામત પ્રથાનો જ છેદ ઉડી ગયો હોય. અનામત પ્રથાના કારણે નબળી જાતિઓના યુવાનોને સારા એવા પ્રમાણમાં નોકરીઓ પ્રાપ્ત થાય છે. આ વર્તમાન સરકારે નવું નથી કર્યું. અગાઉની-કોંગ્રેસ સરકારે ઘડેલા નિયમો હેઠળ જ આ સરકાર નિમણુકો કરતી રહી છે. શું કોંગ્રેસના સમયમાં આ વર્ગને નોકરીઓ નહોતી મળતી ? રાહુલ ગાંધીનુ કથન તો એવું કહે છે. આજે મોટા ભાગના લગભગ ૯૦ ટકા કર્મચારીઓ તો કોંગ્રેસના સમયમાં નીમાયેલા છે. કોંગ્રેસના સમયમાં પણ નોકીરઓમાં એસટી અને ઓબીસીનો બેકલોગ કદી પુરો નહોતો થયો.

રાહુલની 'મિલકતની વહેંચણી' અંગેની આ ટિપ્પણી પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર આરોપ લગાવ્યો છે કે તે લોકોનું સોનું અને સંપત્તિ છીનવીને 'વધુ બાળકો ધરાવતા લોકો'માં વહેંચવા માંગે છે. રાજસ્થાનમાં રવિવારે એક ચૂંટણી રેલી દરમિયાન કરવામાં આવેલી આ ટિપ્પણીની તીવ્ર પ્રતિક્રિયાઓ આવી છે. 'કોંગ્રેસનો ઢંઢેરો કહે છે કે તે અમારી માતાઓ અને બહેનોની માલિકીના સોનાની ગણતરી કરશે, માહિતી એકત્રિત કરશે અને પછી તેને બીજા લોકોમાં વહેંચી દેશે.' યાદ રહે, ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહે પણ પોતાની સત્તા દરમિયાન કહ્યું હતું કે, દેશની સંપત્તિ પર પહેલો અધિકાર મુસ્લિમોનો છે. શું કોંગ્રેસ હવે સત્તામાં આવે તો એ દિશામાં આગળ વધવા માગે છે ? વડા પ્રધાનના આની સામેના પ્રતિભાવથી કોગ્રેસ હચમચી ગઇ છે અને તે આને સાંપ્રદાયિક ટીકા ગણાવીને ચુંટણી પંચ સમક્ષ ફરિયાદ રૂપે લઇ જવાની વાત કરી રહી છે. તો કોંગ્રેસ શું એ વાતનો જવાબ આપશે કે, જ્યારે ડો. મનમોહનસિંહે દેશના સંસાધનો પર લઘુમતીઓના પહેલો અધીકાર હોવાની વાત કરી હતી, તે શું સાંપ્રદાયિક નહોતી ? તો તે વખતે કોંગ્રેસે કેમ મનમોહનસિંહને ટોક્યા નહોતા ? જ્યારે મનમોહનસિંહે દેશની સંપત્તિ પર પહેલો હક મુસ્લિમોનો હોવાનું નિવેદન કર્યું હતું, ત્યારે દેશભરમાં ભારે ઉહાપોહ થયો હતો. મનમોહનસિંહ તો માનવામાં આવે છે તેમ ગાંધી પરીવાર તરફથી પ્રોક્ષી વડાપ્રધાન હતા, કઠપુતલી હતા. તેઓ તે.જ બોલ્યા હશે જે તેમને બોલાવવામાં આવ્યું હશે. મનમોહનસિંહે પોતાના એ વિવાદાસ્પદ નિવેદનમાં એસટી અને ઓબીસીનો કોઇ ઉલ્લેખ નહોતો કર્યો. પરંતુ રાહુલ ગાંધીએ તે સમયના ઉહાપોહને ધ્યાનમાં રાખીને પોતાના નિવદેનમાં એસટી અને ઓબીસીનો ઉલ્લેખ કરીને કોંગ્રેસની મૂળ મંછા છૂપાવવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની એ ચાલબાજી પકડી લીધી હોય તેમ કોંગ્રેસ પર મહિલાઓના મંગલસૂત્ર સહિતની સંપત્તિ છીનવીને લઘુમતીઓમાં વહેંચવાનું આયોજન કર્યાનો કોંગ્રેસ પર આરોપ લગાવ્યો છે. વડાપ્રધાને કહ્યું છે કે, 'કોંગ્રેસ સત્તામાં આવશે તો તે તપાસ કરશે કે આપણી બહેનો પાસે કેટલું સોનું છે, આદિવાસી પરિવારો પાસે કેટલી ચાંદી છે અને સરકારી કર્મચારીઓ પાસે કેટલા પૈસા છ, કેટલી સંપત્તિ છે ?'

યાદ રહે, સક્ષમ લોકોની સંપત્તિ છીનવીને અન્યોમાં વહેંચવાની નીતિ કાર્લ માર્ક્સની છે. દેશના ડાબેરી પક્ષો કાર્લ માર્ક્સના જ શિષ્યોના બનેલા પક્ષો છે અને તે ભારતમાં કોંગ્રેસના રાજકીય ભાગીદારો છે. તેઓ મોદીને હરાવવા એક સાથે રહીને કામ કરી રહ્યા છે, ત્યારે એમ માનવાની તક રહે છે કે કોંગ્રેસ કાર્લ માર્ક્સની નીતી પર આગળ વધી રહી હોઇ શકે છે. યાદ રહે પં. નહેરૂ પર પણ ડાબેરી વિચારસરણી મુજબ કામ કરવાનો આક્ષેપ હતો. ડાબેરી ચીન પર વધુ પડતો વિશ્વાસ કરીને જ તત્કાલિન નહેરૂ સરકારે હજારો એકર જમીન ચીનને પધરાવી દીધી હતી. યુદ્ધમાં હારેલી એ જમીન પાછી મેળવવા નહેરૂએ કદી કોઇ પ્રયાસ નહોતા કર્યા. ઈન્દિરા ગાંધીએ પણ જમણેરી કોંગ્રેસી નેતાઓ સાથે છેડો ફાડીને કોંગ્રેસને તોડી, ત્યારે પોતાની સરકારને બચાવવા તેમણે પણ ડાબેરીઓને ટકો લીધો હતો. ડાબેરીઓ કોઇને મફતમાં પોતાનો ટેકો દુનિયામાં ક્યાંય આપતા નથી. લાગે છે કે, કોંગ્રેસ ફરી ડાબેરીઓની જાળમાં ફસાઇ ગઇ છે.

એટલું તો ચોક્કસ છે કે રાહુલ ગાંધીએ કોઇની કમાઈની સંપત્તિની સર્વે કરાવીને અન્યોમાં વહેંચવાની હિમાયત તો કરી જ છે. હવે તે લઘુમતીઓમાં જ વહેંચવા માગે છે કે તેમની સાથે બીજા કોઇને પણ આપવા માગે છે, તે ભવિષ્યનો સવાલ છે. મનમોહનસિંહના અગાઉના નિવેદનને યાદ કરવામાં આવે તો કોંગ્રેસનું વલણ લઘુમતીઓ તરફ ઢળેલું છે. તે કોઈની પણ સંપત્તિ અન્યોમાં વહેંચવાની વાત કરતા હોય અને તે અન્યો કોઇ પણ હોય, તે અન્યાયની વાત બને છે. જો લોકોની સંપત્તિ છીનવી લેવામાં આવનાર હોય તો લોકો ભવિષ્યનો વિચાર કરીને વધુ સંપત્તિ એકઠી કરતા પહેલાં સો વાર વિચારશે અને તેઓ વધુ કમાણી કરવાથી પણ બચવાનું વિચારશે. જો શ્રીમંતો પોતાના વ્યવસાયને સિમિત બનાવશે તો તેઓ પોતાના કર્મચારીઓમાં છટણી પણ કરી શકે છે. તે સાથે જો અન્યોની સંપત્તિ છીનવીને પોતાને આપવામાં આવનાર છે એવું જાણ્યા પછી ઘણા લોકો કમાવા માટે વધુ મહેનત કરવાનું છોડી નહીં દે ? બેરોજગારીનો પ્રશ્ન ઉઠાવીને ભાજપને સતત ઘેરવાના નિષ્ફળ પ્રયાસો કરતી કોંગ્રેસ હવે પોતે જ બેરોજગારોની ફોજ વધારવાની વાત કરે છે ?

રાજસ્થાનના બાંસવાડામાં લોકસભાની ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ દેશના સંસાધનો પર પહેલો હક લઘુમતીઓનો બતાવનાર પૂર્વ પીએમ મનમોહન સિંહની ટિપ્પણીને ટાંકીને કહ્યું કે, 'કોંગ્રેસ મહિલાઓ પાસેથી 'મંગલસૂત્ર' પણ છીનવી લેશે અને 'ઘૂસણખોરો'ને આપશે.' વડાપ્રધાન અહીં સ્પષ્ટરૂપે ઘુસણખોરો એટલે કે ગેરકાયદે ભારતમાં રહેતા રોહિંગ્યા, પાકિસ્તાનીઓ અને બંગલાદેશીઓ જેવા ઘુસણખોરોની વાત કરી રહ્યા હતા. કોંગ્રેસના નેતાઓ તેને દેશના તમામ મુસ્લિમા સાથે જોડીને તેમને ભાજપ વિરૂદ્ધ ઉશ્કેરવાની કોશિશ કરી રહ્યા છે. કોઇ એકની સંપત્તિ કોઇ બીજા લોકોને પણ કેવી રીતે વહેંચી શકાય ?

રાહુલ ગાંધી અને તેમની ટીમ ભાજપે મુસ્લિમોને એક પણ ટિકિટ નથી આપી તેવો સવાલ ઉઠાવે છે. તે સાથે તે એવો દાવો પણ કરે છે કે, મુસ્લિમો ભાજપનો વિશ્વાસ કરશે નહીં. જો તેમનો દાવો સાચો માની લઇએ તો મુસ્લિમો ભાજપની સાથે નથી એમ માનવું પડે. જો તેઓ ભાજપમાં હોય નહીં, તો ભાજપ મુસ્લિમોને ટિકિટ કેવી રીતે આપે ? જ્યારે હકીકત એ છે કે છેલ્લા ઘણા સમયથી ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં અનેક પસમંદા મુસ્લિમોની ટીકિટો આપી છે અને તેઓ મોટી સંખ્યામાં ચુંટાયા પણ છે. શું રાહુલ પસમંદાઓને મુસ્લિમ માનતા નથી ?

મુસ્લિમો જેમ જેમ ભાજપમાં આવતા જાય છે તેમ તેમ તેમને હોદાઓ આપવામાં આવી રહ્યા છે. આજે સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં મુસ્લિમોનીને ટીકિટ મળતી થઇ છે, તેમ સંસદ અને વિધાનસભામાં પણ યોગ્યતાનુસાર મળતી થશે. એ હકીકત છે કે ભાજપમાં મુસ્લિમોની સંખ્યા હજી ઘણી ઓછી છે. એટલે ભાજપ કોઇ મુસ્લિમને ટિકિટ આપે તો પણ બિનભાજપાયી મુસ્લિમોને તેને મત આપે નહીં અને ભાજપને પોતાની સીટ ગુમાવવી પડે. જો આ અને આવનારી ચુંટણીઓમાં મુસ્લીમો ભાજપને મોટા પ્રમાણમાં મત આપીને એ પ્રમાણીત કરશે તો પછીની ચુંટણીઓમાં ભાજપ વિધાનસભા અને લોકસભામાં પણ તેમના પર સાહસ કરવાની હિમત કરી શકશે. જો કે ધર્મ કે જાતિના આધાર પર ચુંટણીની ટિકિટ આપવાની વાત જ ખોટી છે. પ્રજાકીય પ્રતિનિધિ ગૃહોમાં વ્યક્તિની જાતિ કે ધર્મ જોઇને નહીં, પણ તેની તે સંબંધિત યોગ્યતા જોઇને ટિકિટ આપવી જોઇએ. જાતિ કે ધર્મ વ્યક્તિની અંગત બાબત છે. ભાજપ અત્યારે પસમંદા મુસ્લીમોને ભાજપમાં ખેંચવા પર ફોકસ કરી રહ્યો છે અને ભાજપના નેતાઓના દાવા પ્રમાણે તેમાં તેને સારો રિસ્પોંસ પણ મળી રહ્યો જણાય છે. મુસ્લિમોમાં પસમંદા મુસ્લિમોનું શ્રીમંત મુસ્લિમો શોષણ કરતા હોવાનું અને ચુંટણીઓમાં તેમના મત કોંગ્રેસ અને અન્ય પ્રાદેશિક પક્ષોને અપાવીને પોતાના રાજકીય હિતોને સાધવાનું કામ કરી રહ્યા છે પણ પસમંદાઓને કોઇ લાભ અપાવતા નથી. ભાજપ પસમંદાઓને તે તરફ જાગૃત કરવાના પ્રયાસ કરી રહ્યો છે. જો ભાજપ મુસ્લિમોના આ પીડીત વર્ગ માટે કામ કરી રહ્યો હોય તો એમ કહી શકાય નહીં કે તે મુસ્લિમોની અવગણના કરે છે. સાચી વાત તો એ છે કે દાયકાઓથી કોંગ્રેસે મુસ્લિમોને ભાજપથી ડરાવી રાખીને પોતાના ખિલ્લે બાંધી રાખવાના પ્રયાસ કર્યા છે. કોંગ્રેસની મેલી મથરાવટી સમજાઇ ગયા પછી અનેક મુસ્લિમો કોંગ્રેસનો હાથ છોડીને સપા, બસપા જેવા પ્રાદેશિક પક્ષો તરફ વળતા થઇ ગયા છે. કોંગ્રેસની જેમ ભાજપથી મુસ્લિમોને ડરાવવાની તરકીબ આ પ્રાદેશિક પક્ષોએ પણ અપનાવી છે. પરંતુ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુસ્લિમોને સાચી પરિસ્થિતિ સમજાવવાના પ્રયાસ શરૂ કરી દીધા છે. ઉજ્વલા યોજના, પીએમ આવાસ યોજના, આયુષ્યમાન ભારત યોજના સહિતની યોજનાઓના લાભ મુસ્લિમોને વ્યાપક પ્રમાણમાં મળ્યા છે. ભાજપની સરકારે કોઇ પણ યોજનાનો લાભ કોઇને તેની જાતિ કે ધર્મ પૂછીને નથી આપ્યો. એટલે જો મુસ્લિમો લોકસભા ચુંટણીમાં ભાજપ સાથે જોડાયાનું બતાવી આપશે તો આવનારી ચુંટણીમાં હોદાઓમાં તેમને તેમનો હિસ્સો પણ મળી રહેવાની આશા તેઓ જરૂર રાખી શકશે. બાકી તાલી એક હાથે વાગી શકતી નથી.

## લડ્યા વગર ભાજપે સુરત જીત્યું તો

# ચૂંટણી પંચમાં ફરિયાદ લઈને પહોંચી કોંગ્રેસ

## ફરી ચૂંટણી પ્રક્રિયા કરાવવા માગણી

(એજંસી) નવી દિલ્હી તા. ૨૩

સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલની બિનહરીફ જીત હાલમાં વિવાદમાં છે. સુરતમાં બે દિવસ ચાલેલા હાઈવોલ્ટેજ ડ્રામા બાદ ગઈકાલે લોકસભામાં ભાજપે પહેલી જીત નોંધાવી હતી. સુરતમાં કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીને લઈને ભાજપે વાંધા અરજી દાખલ કરી હતી. ત્યારબાદ સુરતમાં કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારી ફોર્મ રદ થયું હતું. સુરતમાં લોકસભા બેઠક પર કોંગ્રેસના લોકસભા ઉમેદવારનું ફોર્મ રદ થયા બાદ બાકીના ૮ ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચી




લેતાં મુકેશ દલાલ બિનહરીફ ચૂંટાયા હતા. હવે કોંગ્રેસે આ મામલે ચૂંટણી પંચને ફરિયાદ કરી છે.

કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, મુકેશ દલાલને અયોગ્ય પ્રભાવથી વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસે માગ કરી છે કે આ બેઠક પર નવેસરથી ચૂંટણી થવી જોઈએ. પાર્ટીએ દાવો કર્યો છે કે ભાજપ કારોબારી સમુદાયથી ડરી ગઈ છે જેના કારણે તેણે સુરત લોકસભા બેઠક પર મેચ ફિક્સિંગનો પ્રયાસ કર્યો છે.

કોંગ્રેસ પ્રવક્તા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે વડાપ્રધાન મોદીના અન્યાય કાળમાં લઘુ, MSME અને વેપારી સમુદાય પરેશાન છે. તેમના ગુસ્સાએ ભાજપને એટલું ડરાવી દીધો છે કે, તેમણે સુરત લોકસભા બેઠક પર મેચ ફિક્સિંગ કરી. આપણી ચૂંટણીઓ, લોકશાહી, બાબાસાહેબ આંબેડકરનું બંધારણ બધું જ ખતરામાં છે. આ અમારા જીવનની સૌથી મહત્વપૂર્ણ ચૂંટણી છે.

કોંગ્રેસના નેતાઓનું એક પ્રતિનિધિ મંડળે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો સાથે મુલાકાત કરી માગ કરી છે કે, સુરતમાં ફરીથી ચૂંટણી પ્રક્રિયા કરાવવામાં આવે. સિંઘવીએ ચૂંટણી કમિશનરો સાથે મુલાકાત કર્યા બાદ કહ્યું કે અમે ચૂંટણી પંચને વિનંતી કરી છે કે, સુરત બેઠક પરની ચૂંટણીને સ્થગિત કરવામાં આવે અને શક્ય તેટલી વહેલી તકે ફરીથી ચૂંટણી યોજવામાં આવે જેથી એક સ્પષ્ટ સંદેશ જાય કે તમે ખોટો પ્રભાવ ઉભો કરીને ફાયદો ઉઠાવી શકતા નથી.

## આકાશમાં બે હેલીકોપ્ટર ટકકર બાદ અગનગોળો બન્યા : ૧૦ થઈ ગયા ઘડથું

(એજંસી) કવાલાલુમ્પુર તા.૨૩

મલેશીયામાં રીયલ મલેશીયન નેવી પરેડના રિહર્સલ વખતે બે હેલીકોપ્ટર



સામસામા ટકરાઇ ગયા હતા તેમાં ૧૦ લોકોના મોત નિપજયા હતા. લુમુતના નૌકાદળના મથકે જ આ દુર્ઘટના સર્જાઇ હતી.

મલેશિયન નૌકાદળે જ સતાવાર નિવેદનમાં એમ કહ્યું હતું કે, નેવી પરેડના રિહર્સલમાં સામેલ એમ૫૦૩-૩ અને એમ ૫૦૨-૬ હેલીકોપ્ટર હવે સામસામી ટકકર થઇ હતી. એક હેલીકોપ્ટરમાં ૭ અને બીજામાં ૩ લોકો સવાર હતા. નેવીના ૯૦માં સ્થાપના દિનની ઉજવણી માટે આ રિહર્સલ યોજવામાં આવી રહ્યું હતું. બે હેલિકોપ્ટર વચ્ચેની અવકાશી ટકકરનો ૨૧ સેકન્ડનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. આકાશમાં અધવચ્ચે જ ટકકર બાદ બંને હેલીકોપ્ટર જમીન પર ખાબકી પડતા હોવા સુધીનો ઘટનાક્રમ વિડીયોમાં દેખાઇ રહ્યો છે. રીહર્સલ વખતે મેદાન પર મોટી સંખ્યામાં નેવીના જવાનો હાજર હતા. દુર્ઘટના બાદ હેલીકોપ્ટરો નીચે પડતા નાસભાગ મચી ગઇ હતી અને ગણતરીની મીનીટોમાં જ રાહત બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. દુર્ઘટનાગ્રસ્ત હેલીકોપ્ટરોનો કાટમાળ હટાવવામાં આવ્યો હતો પરંતુ ૧૦માંથી એક પણ વ્યકિતને બચાવી શકાઇ ન હતી.

## ગુજરાતમાં ક્ષત્રિય સમાજને મનાવવા ભાજપના મનામણાં યથાવત ચાલે છે

અમદાવાદ તા. ૨૩

લોકસભા ચૂંટણી નજીક આવતા ભાજપ દ્વારા ક્ષત્રિય આંદોલન શાંત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. ત્યારે આજે વહેલી સવારથી ગાંધીનગરમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક ચાલી રહી છે. પરશોતમ રૂપાલા સામનો વિરોધ ખાળવા માટે ભાજપે ગાંધીનગરમાં વધુ એક બેઠક બોલાવી છે. ક્ષત્રિય સમાજ નારાજગી દૂર કરવા માટે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી પોતાને મેદાન પર ઉતરી આવ્યા છે.

ભાજપે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને ક્ષત્રિય આગેવાનોની બેઠકનું આયોજન કર્યું છે. આ બેઠકમાં રૂપાલા સામે ક્ષત્રિય સમાજનાં રોષને ખાળવા માટે ચર્ચા ચાલી રહી છે. રૂપાલાની માફી અને સીઆર પાટીલે



હાથ જોડ્યા પછી પણ ક્ષત્રિય સમાજ રૂપાલાને હટાવવાની માગ પર અડગ છે.

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં આજે ગાંધીનગરમાં થઈ રહેલી બેઠકમાં ક્ષત્રિય સમાજની નારાજગી દૂર કરવા કવાયત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અગાઉ સોમવારે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જામનગર, ભાવનગર, કચ્છ અને સુરેન્દ્રનગરમાં પણ બેઠકનું આયોજન કર્યું હતું. ભાવનગરમાં ગૃહ રાજ્યમંત્રી અને પ્રદેશ ભાજપ મહામંત્રીની બેઠક મળી હતી, જેમાં ક્ષત્રિય સમાજનાં અગ્રણીઓ અને ભાજપનાં ક્ષત્રિય નેતાઓ જોડાયા હતા. આ બેઠકમાં હર્ષ સંઘવી અને ભાજપનાં સંગઠન મહામંત્રી રત્નાકર બંને ઉપસ્થિત રહ્યા હતા. બે કલાક સુધી ચાલેલી બેઠકમાં ક્ષત્રિય સમાજનાં વિરોધને લઈ ચર્ચા કરાઈ હતી.

જામનગરમાં પણ બેઠક યોજાઈ હતી અને સયાજી હોટેલમાં ગૃહ રાજયમંત્રી અને ભાજપના સંગઠનમંત્રી રત્નાકરને મળવા માટે સંકલન સમિતિના ૮ સભ્યો ગુપ્ત રીતે મિટિંગ માટે પહોંચ્યા હતા. આ સિવાય કચ્છ અને સુરેન્દ્રનગરમાં પણ હર્ષ સંઘવીએ ક્ષાત્રીય સમાજના આગેવાનો સાથે બેઠક કરી હતી.

# કોંગ્રેસ શાસનમાં હનુમાન ચાલીસા સાંભળવી પણ ગુનો બની જાય છે

## હવે તમે શાંતિથી હનુમાન ચાલીસા ગાશો અને રામ નવમી પણ ઉજવશો

(એજન્સી) ટોંક (રાજસ્થાન) તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના ટોંક જિલ્લાના ઉનિયારામાં જનક્સભાને સંબોધિત કરતાં કહ્યું કે જ્યારે પણ આપણામાં ભાગલા પડ્યા છે ત્યારે દેશના દુશ્મનોએ ફાયદો ઉઠાવ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે આજે હનુમાન જયંતિ પર તમારી સાથે વાત કરતી વખતે મને થોડા દિવસો પહેલાની એક તસવીર પણ યાદ આવી રહી છે. થોડા દિવસો પહેલા કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં એક દુકાનદારને એટલા માટે માર મારવામાં આવ્યો હતો કારણ કે તે પોતાની દુકાનમાં બેસીને હનુમાન ચાલીસા સાંભળી રહ્યો હતો. કોંગ્રેસના શાસનમાં હનુમાન ચાલીસા સાંભળવી અને કોઈની શ્રદ્ધાનું પાલન કરવું મુશ્કેલ બની જાય છે.

પીએમ મોદીએ કહ્યું કે હવે રાજસ્થાનમાં ભાજપની સરકાર આવ્યા બાદ કોઈની હિંમત નથી કે તમારા વિશ્વાસ પર સવાલ ઉઠાવે. હવે તમે શાંતિથી હનુમાન ચાલીસા ગાશો અને રામ નવમી પણ ઉજવશો.

આ ભાજપની ગેરંટી છે.



વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસે રાજસ્થાનમાં રામ નવમી પર પ્રતિબંધ મૂક્યો હતો જે રામ-રામ કહેતો હતો. કોંગ્રેસે સરઘસ પર પથ્થરમારો કરનારાઓને સરકારી રક્ષણ આપ્યું હતું. તુષ્ટિકરણ માટે આ જ કોંગ્રેસ પાર્ટીએ માલપુરા, કરૌલી, ટોંક અને જોધપુરને રમખાણોની આગમાં સળગાવી દીધા હતા.

પીએમ મોદીએ કહ્યુ કે તમે પણ જાણો છો કે ટોંકમાં કયા અસામાજિક તત્વોના કારણે ઉદ્યોગ બંધ થયો હતો. પણ, તમે અમારા ભજનલાલજીને જયારથી સેવા કરવાની તક આપી છે, ત્યારથી માફિયાઓ અને ગુનેગારોને રાજસ્થાન છોડીને ભાગી જવાની ફરજ પડી છે.

## કોંગ્રેસના મેનિફેસ્ટો પર ફરી હુમલો

(એજન્સી) ટોંક (રાજસ્થાન) તા. ૨૩

પીએમ મોદીએ કહ્યું કે ગઈકાલે મેં રાજસ્થાનમાં દેશ સમક્ષ સત્ય રજૂ કર્યું હતું કે કોંગ્રેસ તમારી સંપત્તિ છીનવીને પોતાના ખાસ લોકોને વહેંચવાનું ઊંડું ષડયંત્ર રચી રહી છે.

મેં કોંગ્રેસની વોટ બેંક અને તુષ્ટિકરણની રાજનીતિનો પર્દાફાશ કર્યો હતો. હું કોંગ્રેસને પૂછવા માંગુ છું કે તેઓ સત્યથી આટલા ડરે છે? કોંગ્રેસ શા માટે પોતાની નીતિઓ છુપાવવાનો પ્રયાસ કરી રહી છે? મેં દેશ સમક્ષ સત્ય રજૂ કર્યું હતું કે કોંગ્રેસ તમારી સંપત્તિ છીનવીને પોતાના ખાસ લોકોને વહેંચવાનું ઊંડું કાવતરું ઘડી રહી છે.

# અનામત ન તો ખતમ થશે અને ન તો તેને ધર્મના નામે વિભાજિત થવા દેવામાં આવશે

## પછાત વર્ગોની અનામતને તોડીને કોંગ્રેસ તેની ખાસ વોટ બેંક માટે અલગ અનામત આપવા માંગતી હતી

(એજન્સી) ટોંક (રાજસ્થાન) તા. ૨૩

કોંગ્રેસના આ ષડયંત્રો વચ્ચે મોદી આજે એક ખુલ્લા મંચ પરથી તમને ખાતરી આપી રહ્યા છે કે દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓનું અનામત ન તો ખતમ થશે અને ન તો તેને ધર્મના નામે વિભાજિત થવા દેવામાં આવશે. આ મોદીની ગેરંટી છે. સત્ય એ છે કે જ્યારે કોંગ્રેસ અને ભારતનું ગઠબંધન સત્તામાં હતું, ત્યારે તેઓ દલિતો અને પછાત વર્ગોના આરક્ષણને તોડીને તેમની ખાસ વોટ બેંક માટે અલગ અનામત આપવા માંગતા હતા. જ્યારે બંધારણ તેની વિરુદ્ધ છે. બાબા સાહેબે દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓને જે અનામતનો અધિકાર આપ્યો હતો, કોંગ્રેસ અને ભારતનું ગઠબંધન તેને ધર્મના આધારે મુસ્લિમોને આપવા માગે છે.

વર્ષ ૨૦૧૧માં કોંગ્રેસે તેને સમગ્ર દેશમાં લાગુ કરવાનો પ્રયાસ કર્યો હતો. એસસી, એસટી અને ઓબીસીને આપેલા અધિકારો છીનવીને તેઓ વોટબેંકની રાજનીતિ માટે બીજાને આપવાની રમત રમી રહ્યા છે.

કોંગ્રેસે એ જાણીને ઘણા પ્રયત્નો કર્યા કે આ બધું બંધારણની મૂળ ભાવના વિરુદ્ધ છે. કોંગ્રેસ વોટબેંકની રાજનીતિની દલદલમાં એટલી ડૂબી ગઈ છે કે તેને બાબા સાહેબના બંધારણની પણ પરવા નથી. તેણે પોતાના મેનિફેસ્ટોમાં લખ્યું છે કે અમે તમારી મિલકતનો સર્વે કરીશું, અમારી માતા-બહેનો પાસે જે મંગળસૂત્ર છે તેનો સર્વે કરીશું.

## હજારો શરણાર્થીઓને પરત મોકલશે બ્રિટન

(એજંસી) લંડન તા.૨૩

બ્રિટનની સંસદે રવાંડા ડિપોર્ટેશન બિલ પાસ કરી દીધુંછે. ઋષિ સુનકે પ્રધાનમંત્રી બન્યા પહેલા બ્રિટનમાં રવાંડા પોલિસી લાગુ કરવાનું વચન આપ્યું હતું. જેને સંસદના બંને ગૃહો દ્વારા લીલી ઝંડી આપવામાં આવી હતી. આ બિલ હેઠળ બ્રિટિશ સરકાર ગેરકાયદેસર રીતે બ્રિટન આવતા લોકોને આફ્રિકન દેશ રવાંડા મોકલશે. વર્તમાન સમયમાં આવા શરણાર્થીઓને રોકવાની બ્રિટિશ સરકારની સૌથી મોટી પ્રાથમિકતા છે. આથી છેલ્લા બે વર્ષથી અટવાયેલા આ બિલને કોર્ટમાં પડકારવામાં આવ્યું હતું. આ બાબતે બ્રિટનના ગૃહમંત્રી જેમ્સ ક્લેવરલીએ કહ્યું કે રવાંડા બિલ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું છે અને તે થોડા દિવસોમાં કાયદો બની જશે. આ બિલ યુકેમાં ગેરકાયદેસર રીતે આવતા શરણાર્થીઓને રોકવા માટે રજૂ કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં યુદ્ધ અને ગરીબીથી પરેશાન થઈને લોકો ઈંગ્લિશ ચેનલ પાર કરીને બ્રિટન પહોંચે છે. જેમાં મોટાભાગના લોકો આફ્રિકા, મધ્ય પૂર્વ અને એશિયાઈ દેશોના હોય છે. આ વર્ષે જાન્યુઆરીથી માર્ચની વચ્ચે આવા ૪૬૦૦ લોકોએ ઈંગ્લીશ ચેનલ પાર કરી છે.



## ભચાઉ નગરની ધન્ય ધરા પર પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક દિનની ઉજવણી

ભચાઉ જૈન સંઘના આંગણે પન્યાસ ભગવંત શ્રીમુક્તિશ્રવણવિજયજી મહારાજ સાહેબ તથા મુનિ ભગવંત મુક્તિચરણવિજયજી મહારાજ સાહેબ તથા મનન મહારાજ સાહેબ તથા સાધુ સાધ્વીજી ભગવંત ની ની શ્રામાં પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક દિન નિમિત્તે રથયાત્રા નીકળી હતી જેમાં સંઘ ટ્રસ્ટીશ્રીઓ ધીરજ ભાઈ મહેતા સતિષભાઈ મહેતા પ્રવીણભાઈ ગાંધી તથા મંડળના મહેશ ભાઈ શાહ નિલેશભાઈ મહેતા બીપીનભાઈ ભણસાલી અરવિંદભાઈ મહેતા અશોકભાઈ વોરા તથા સંઘના તમામ ભાઈ બહેનો હાજર રહ્યા હતા પ્રભુજી ની રથયાત્રા મનમોહન દેરાસર થી મહારાણા પ્રતાપ ગેટ થઈ ચિંતામણી દેરાસર થી સોસાયટી મધ્યે આવીને સનાત્ર પૂજા આરતી મંગલ દીવો તમામ વિવિધ ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા તથા શ્રી મહાવીર અનુકંપા કેન્દ્ર દ્વારા રથયાત્રા દરમિયાન વિવિધતાશ્રીઓના સંયોગથીલાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું





## લોડાઈ ગામ માં ચાવડા કોલી પરિવાર દ્વારા ચૈત્ર સુદ તેરશના હોમ હવન

ભુજ તા. ૨૩

ભુજ તાલુકાના લોડાઈ ગામે ચાવડા કોલી પરિવાર દ્વારા ચૈત્ર સુદ ૧૩ (તેરશ) તા.૨૧/૦૪/૨૦૨૪ના હવન હોમ કરવામાં આવ્યો જેમાં નીલપર કોલીવાસ મધ્યે શ્રી ખોડીયાર માતાજી, શ્રી ગાત્રાળ માતાજી, શ્રી ખેતરપાળ દાદા, શ્રી ચામુંડા માતાજી ના નેવજ હોવાથી હવન-હોમ નું કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં પધ્ધર ગામના જોષી સતિષ નરશીભાઈ દ્વારા હવન હોમની વિધિવત શરૂઆત કરવામાં આવી હતી. અને ખાસ કરીને કોલીવાસ મધ્યે આવા ધાર્મિક પ્રસંગ ને કારણે લોકો મા ભક્તિ ભાવ નો અનેરો ઉત્સાહ જોવા મળે છે. કુટુંબ પરિવારમાં સંપી ને રહેવા, ખોટા વ્યશનો થી દુર રહેવા આજના યુગ મુજબ ખાસ અભ્યાસ ની જરૂર છે. ટેકનીકલ વિકાસ દિન પ્રતિ દિન વધતા બાળકો ને સારું શિક્ષણ આપવા વધુ અભ્યાસ કરાવવા ભાર મુક્યો હતો. ખોટા અંધ શ્રધ્ધા થી દુર રહેવા જણાવ્યુ હતું તથા હવન હોમ દરમ્યાન કરેલી સ્થાપના અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. આમ, સવારના હોમ હવન બાદ સાંજે માતાજીની આરતી અને દર્શન બાદ પ્રસાદનું આયોજન થયું હતું હોમ હવન દરમ્યાન લોડાઇ ગામના અગ્રણીઓ શ્રી અનિલભાઇ બતા તથા વાલજીભાઇ બતાએ પણ હાજરી આપી હતી. દર વર્ષ મા બે વખત ચૈત્રી નવરાત્રી અને આસો મહિના ની નવરાત્રી દરમ્યાન ચાવડા કોલી પરિવાર દ્વારા આવા ધાર્મિક કાર્યક્રમો થાય છે. જેથી ગામ અગ્રણીઓ એ ખુશી ની લાગણી વ્યકત કરી હતી.

હવન હોમ દરમ્યાન નું સમગ્ર કાર્યક્રમનું સંચાલન માતાજીના સેવક ગણ પુજારી શ્રી ભુરાભાઈ હાસમભાઈ કોલી, કાનજીભાઈ બાબુ ભાઈ કોલી, અરવિંદ ઉમરભાઇ કોલી અને ખેતરપાળ દાદાના સેવક વેલજી સનાભાઈ કોલી, તથા વડીલ આગેવાન રમજુભાઈ હાસમ ભાઈ કોલી અને ચાવડા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું,

## આજના દર્શન









## કેરા કુમાર શાળા ખાતે ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ યોજાયો

શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને જીવનમાં પ્રગતિ કરવા અને સફળ થવા તેમજ ઉચ્ચ અભ્યાસ કરી શાળાનું નામ રોશન કરવા શુભેચ્છાઓ આપી હતી. અયાજ , પ્રદીપ , હિરેન સહિતના વિદ્યાર્થીઓએ શાળાના સંસ્મરણો વાગોળ્યા હતા અને પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. શાળાના શિક્ષકો તરફથી વિદ્યાર્થીઓને અલ્પાહાર કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.




સમગ્ર ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે કચ્છમાં ૬ વિધાનસભા ક્ષેત્ર વાઈઝ ૧૮ એસએસટી ટીમની નિમણૂંક કરવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયાને અવરોધરૂપ કે અસરકર્તા પરીબળોને ઓળખવા તથા ગેરકાયદે નાણાની હેરફેર સહિતની ગતિવિધીને ડામવા સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા સક્રિય રીતે વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. આવું જ દશ્ય સુખપર ચોકડી પાસે જોઇ શકાય છે જયાં નિમણૂક થયેલી ટીમ વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે

## હાજીપીર-કરોળપીર મધ્યે યોજાનાર ઉર્ષમાં શંકાસ્પનદ વસ્તુમઓ લઈ જવા પર મનાઈ

ભુજ

આગામી તા.૨૭/૦૪/૨૦૨૪ થી તા.૨૯/૦૪/૨૦૨૪ દરમિયાન હાજીપીર મુકામે હાજીપીરનો મેળો (ઉર્ષ) તથા તા.૨૯/૦૪/૨૦૨૪ થી તા.૩૦/૦૪/૨૦૨૪ સુધી આમારા ગામ પાસે આવેલા કરોળપીર ખાતે ઉર્ષ મેળો યોજવામાં આવે છે. આ દરમિયાન દરરોજ મોટી સંખ્યાનમાં લોકો દર વર્ષે ભાગ લેવા આવે છે જેના કારણે પરિસરમાં ખૂબ જ ભીડ થાય છે. વર્તમાન સમયમાં અગત્યમનાં ધાર્મિક સ્થાલનોની સુરક્ષા નજરે કાયદો વ્યખવસ્થાં જળવાઈ રહે અને કોઈ અનિચ્છ્ નીય બનાવ બનવા ન પામે તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી આ ધાર્મિક સંકુલમાં નીચે મુજબની વસ્તુઈઓ લઇ જવાની મનાઇ ફરમાવવાનું જરૂરી જણાય છે.



## શ્રી પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક દિનની ઉજવણી

શ્રી જૈન યુવક મંડળ સંચાલિત શ્રી મહાવીર અનુકંપા કેન્દ્ર દ્વારા તારીખ ૨૧.૦૪.૨૦૨૪ના રોજ શ્રી પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી મહાવીર અનુકંપા કેન્દ્ર દ્વારા ગચ્છાધિપતિ પ. પૂ.આચાર્ય ભગવંત શ્રી કલ્પતરુસૂરિ મ. સા.ના આશીર્વાદથી અને પ. પૂ. આચાર્ય ભગવંત અનંતયશસૂરિ મ. સા.ની પ્રેરણાથી તથા નિશ્રા દાતા પ્રદાન પન્યાસ શ્રી મુક્તિશ્રવણ વિજયજી મ. સા., મુક્તિચરણવિજયજી મ. સા., મુક્તિ મનન મ. સા. તથા સંઘના ટ્રસ્ટી શ્રી ધીરજભાઈ મહેતા, સતિષભાઈ મહેતા, પ્રવીણભાઈ ગાંધી તથા બીપીનભાઈ ભણસાલીતથા ચેતન ભાઈ મહેતા માર્ગદર્શન હેઠળ અનુકંપાદાનની પ્રવૃત્તિ ચાલુ છે. દર રવિવારે જરૂરિયાતમંદ લોકોને ભોજન અપાય છે, પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણક રથયાત્રા દરમિયાન લાડુ વિતરણ કરવામાં આવેલ અને હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ કરવામાં આવેલ. જેની વ્યવસ્થા શ્રી જૈન યુવક મંડળ ના સભ્યો તથા શ્રી મહાવીર અનુકંપા કેન્દ્રના સભ્યો અરવિંદભાઈ મહેતા, અશોકભાઈ વોરા, ગૌતમ શાહ, તુષાર કુબડીયા, તીર્થ મહેતા, ચેતન ગાંધી, પ્રકાશ શેઠ, ગૌતમ શાહ વગેરેએ સંભાળી હતી.

## મતદાનમાં રોકાયેલા કર્મચારીઓને બીજા દિવસે ઓન ડયુટી રજા મળશે

ભુજ

રાજયમાં આગામી સાતમી મે, મંગળવારે યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણી અને પાંચ વિધાનસભાની પેટાચૂંટણી દરમ્યાન મતદાન કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓ માટે બીજા દિવસે ઓન ડયુટી રજા જાહેર કરાઇ છે. સામાન્ય રીતે મતદાનના દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પૂરું થયા બાદ રિસિવિંગ સેન્ટર ઉપર મોડી રાત્રે અથવા તો જો અંતર વધુ હોય તો બીજા દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોંપવા માટે પહોંચતા હોય છે.

આથી ચૂંટણી સ્ટાફના તેઓના ફરજ પરના પ્રમાણમાં લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખી તેઓએ મતદાનના બીજા દિવસે તેમની કચેરીમાં હાજરી આપવાની જરૂર નથી અને તેઓને ફરજ પર હાજર (ઓન ડયુટી) ગણવાની રહેશે. ભારતના ચૂંટણીપંચની સૂચના અન્વયે મતદાનના બીજા દિવસે એટલે કે, તા. ૮/૫/૨૦૨૪, બુધવારના અને જ્યાં પુનઃ મતદાન યોજાય તેવા કિસ્સામાં જો મતદાનના બીજા દિવસે ચાલુ દિવસ હોય તેવા કિસ્સામાં અને જ્યાં રિસિવિંગ સેન્ટર પર મોડી રાત્રે અથવા બીજા દિવસે સવારે પહોંચવાના હોય તેવા જ કિસ્સામાં ઉક્ત સૂચનાઓ લાગુ પડશે તેવી સ્પષ્ટતા કરાઈ છે. આ અંગે રાજ્યના સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી અશોક પટેલ દ્વારા રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટરોને પત્રની અમલવારી કરવા સૂચના અપાઇ હોવાનું કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજના પ્રમુખ નયનાસિંહ જાડેજા, મંત્રી કેરણા આહિર તથા રાજયસંઘના ઉપપ્રમુખ હરાસિંહ જાડેજાની યાદીમાં જણાવાયું છે.

## ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર એક્રરવાલા અહિંસાધામના ઉપક્રમે માંડવીમાં ૨૮મીએ જૈનપુરી મધ્યે "એક શામ ગૌમાતા કે નામ' મ્યુઝીકલ નાઈટ યોજાશે

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૨૩

મ્યુઝીકલ નાઈટની સફળતા માટે માંડવીના મણી ભુવન મધ્યે તા. ૧૭–૪ ને બુધવારના રોજ માંડવીની વિવિધ સંસ્થાઓના જીવદયા પ્રેમી અગ્રણીઓની બેઠકમાં ગાયમાતાના રક્ષણ માટે માંડવીને પ્લાસ્ટીક મુકત બનાવવા સૂર ઉઠયો હતો. માંડવીના સામાજીક અગ્રણી હીરજીભાઈ કારાણી, મસ્કત ગુજરાતી સમાજના મહામંત્રી ડો. ચંદ્રકાંતભાઈ ચોથાણી, માંડવીના અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટીના પ્રમુખ શાંતીલાલભાઈ ગણાત્રા, તપગચ્છ જૈન સંઘના શ્રેષ્ઠી વર્ય અને જીવદયા પ્રેમી ભરતભાઈ દેવજીભાઈ મહેતા (ડગાળાવાલા) તેમજ માંડવીના રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અને સામાજિક જૈન અગ્રણી દિનેશભાઈ શાહ ના મંચસ્થ પદે યોજાયેલા આ બેઠકમાં એક્રરવાલા અહિંસાધામના કચ્છ વિભાગના હેડ અને સી.ઈ.ઓ. ગીરીશભાઈ નાગડાએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ૩૩ વર્ષથી પશુઓની સેવા કરતી આ સંસ્થા ભારતની નંબર ૧ અલ્ટા મોડર્ન એનીમલ હોસ્પિટલનું સંચાલન કરી રહી છે. પશુઓની મોટી હોસ્પિટલમાં દર કલાકે એકસીડન્ટ કેસ આવે છે. બે કવોલીફાઈલ ડોકટર અને બે એલઆઈ કમ્પાન્ડરો મળીને ૧૫ જણાની ટીમ સતત કામ કરે છે. ૫૦૦ બેડના બે આઈ.સી.યુ. ૨૪ કલાક સેવામાં કાર્યરત છે. ૩૧ વર્ષ જુનું કરૂણા મંદિર અને ૩૫ એકરનું એંકરવાલા કાર્યરત છે. નંદી સરોવર છે. અહીં ૩૧૦૦ થી વધુ બિમાર પશુઓ સેવા લઈ રહ્યા છે.



એંકરવાલા અહિંસાધામના ટ્રસ્ટી રાજેશભાઈ સોરઠીયા એ સંસ્થા વિશે વિગતે પરિચય આપી. સંસ્થાની મુલાકા લેવા ઉપસ્થિત જીવદયા પ્રેમીઓને આમંત્રણ પાઠવેલ હતું. તેમજ ૨૮મી એપ્રિલને રવિવારના માંડવીની જૈનપુરી મધ્યે રજૂ થનાર "એક શા ગૌ માતા કે નામ□□ મ્યુઝીકલ નાઈટ માણવા આમંત્રણ આપેલ હતું. એંકરવાલા અહિંસાધામમાં ખૂબજ નિષ્ઠાપૂર્વક સેવા કરનાર સ્વ. ડો. દિનેશભાઈ દેઢીયા ની કદર રૂપે મંચસ્થ મહાનુભાવો, હીરજીભાઈ કારાણી, ડો. ચંદ્રકાંતભાઈ ચોથાણી, શાંતીલાલભાઈ ગરાણા, ભરતભાઈ ડગાળાવાલા અને દિનેશભાઈ શાહના હસ્તે મરણોતર સન્માન કરવામાં આવ્યું હતું. જેનો તેમની સુપુત્રી શ્રીમતી કિરણબેન કોટકે સ્વીકાર કર્યો હતો. આ બેઠકમાં મસ્કત ગુજરાતી સમાજના મહામંત્રી ડો. ચંદ્રકાંતભાઈ ચોથાણી, અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટીના પ્રમુખ શાંતિલાલભાઈ ગણાત્રા, જૈન અગ્રણી સંજયભાઈ મહેતા ડગાળાવાલા, માંડવી ભારત વિકાસ પરિષદના સ્થાપક પ્રમુખ કૈલાશભાઈ ઓઝા, મહિલા અગ્રણી શ્રીમતી વિભાબેન ઓઝા અને કિરણબેન કોટક તેમજ માંડવી નગરપાલિકાના સતાપક્ષના નેતા લાંતિકભાઈ શાહે, એક્રરવાલા અહિંસા ધામ ને શકય તેટલી આર્થિક મદદ કરવા આવાહન કરેલ હતું. ત્યાં પશુઓની થઈ રહેલી તમામ પ્રયત્નો કરવા હાકલ કરી હતી. માંડવીને સ્વચ્છ બનાવવા નગરપાલિકાને લોકોને સહકાર આપવા અપ્રિલ કરી હતી.

આ પ્રસંગે માંડવીના સામાજિક કાર્યકર હીરજીભાઈ કારાણીનું પણ મંચસ્થોના હસ્તે એક્રરવાલા અહિંસાધામે સન્માન કર્યું હતું. આ બેઠકમાં માંડવીની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ ચંદ્રેશભાઈ શાહ, અક્ષયભાઈ મહેતા, સંજયભાઈ ડગાળાવાલા, ગૌરી શંકરભાઈ કેશવાણી, રશ્મીભાઈ દોશી, ચિંતનભાઈ મહેતા, પુનિતભાઈ લાકડાવાલા, મમતાબેન નાગડા અને ચેતનાબેન નાગડા તથા રૂચીબેન રાહુલભાઈ સાવલા, ધવલ ગંગર, રાહુલભાઈ સંઘવી સહીત બહોળી સંખ્યામાં જીવદયા પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાન હેડ ગીરીશભાઈ નાગડા એ કરેલ હતું જયારે ટ્રસ્ટી ડાયાલાલભાઈ ઉકાણી એ આભાર દર્શન કરેલ હતું.



## હરતા-ફરતા છાશ કેન્દ્ર દ્વારા દરરોજ ૩૦૦ લીટર છાશ વિતરણ શરૂ

ભુજ તા. ૨૩

માનવજ્યોત સંસ્થા ભુજ અને શ્રી રામદેવ સેવાશ્રમપાલારા-કચ્છ દ્વારા એક સદ્ ગૃહસ્થ દાતાશ્રી પરિવારનાં સહયોગથી હરતા-ફરતા છાશ કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો. ભીડ ગેટ વિસ્તારમાં યોજાયેલ કાર્યક્રમમાં સંસ્થાનાં અધ્યક્ષ શ્રી પ્રબોધ મુનવરે જણાવ્યું હતું કે, ઉનાળાની કાળઝાળ ગરમીમાં જરૂરતમંદ લોકો તથા શ્રમજીવી વર્ગને દરરોજ નમક-જીરા-બરફવાળી સ્વાદિષ્ટ છાશ પીવડાવવામાં આવશે. દરરોજ ૩૦૦ લીટર છાશ હરતા-ફરતા વાહનથી શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં પહોંચશે. જેથી જરૂરતમંદોની આંતરડી ઠરશે. પ્રથમમહિને જય સ્વામિનારાયણનાં નામે એક સદ્ ગૃહસ્થ, બીજા મહિને જયશ્રીકૃષ્ણનાં નામે એક સદ્ ગૃહસ્થ, તેમજ ત્રીજા મહિને જય જલારામ બાપાનાં નામે એક સદ્ ગૃહસ્થનાં સહયોગથી આ છાશ કેન્દ્ર ચાલશે. રવજીભાઇ હાલાઇ, શીવજીભાઇ પિંડોરીયા, લાલજીભાઇ હાલાઇ, માવજીભાઇ પિંડોરીયાએ હરતા-ફરતા છાશ કેન્દ્ર વાહનને સ્ટાર્ટ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જયારે આભાર દર્શન સુરેશભાઇ માહેશ્ર્વરીએ કરેલ. વ્યવસ્થામાં પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, સહદેવસિંહ જાડેજા, શંભુભાઇ જોષી, કનૈયાલાલ અબોટી, મનસુખભાઇ નાગડા, દિપેશ શાહ, રફીક બાવા, નિતિન ઠક્કર, પ્રતાપ ઠક્કરે સહયોગ આપ્યો હતો.

### નામ અને અટક બદલાવેલ છે

હું દિલીપસિંહ મનુભાઈ વાઢેર રહેવાસી ૧૫૦, શિવાજી પાર્ક, ઐશ્વર્યાનગરની પાસે, માધાપર તા. ભુજ-કચ્છ-ગુજરાત આથી જાહેર કરૂં છું કે પહેલા હું દિલીપકુમાર બાઢેર તરીકે ઓળખાતો હતો પણ હવેથી હું દિલીપસિંહ મનુભાઈ વાઢેર તરીકે ઓળખાઈશ.



## માંડવી શહેરની ૬ સરકારી પ્રાથમિક શાળાના તેજસ્વી તારલાઓને સ્વ. શિક્ષિકાઓની સ્મૃતિમાં રોકડ પુરસ્કાર આપી પુરસ્કૃત કરાશે

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૨૨

જિલ્લા પંચાયત સંચાલિત, માંડવી શહેરની ૬ સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮ માં અભ્યાસ કરતા આ વર્ષની વાર્ષકિ પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થનાર તેજસ્વી વિદ્યાર્થીઓને, સ્વ. શિક્ષિકાઓ સ્વ. સુશીલાબેન હાથીભાઈ શાહ અને સ્વ. વિમળાબેન હાથીભાઈ શાહની સ્મૃતિમાં દિલીપભાઈ જૈન તરફથી રોકડ શિષ્યવૃત્તિ આપી પુરસ્કૃત કરવામાં આવશે.આ ૬ સરકારી પ્રાથમિક શાળાઓમાં, તાલુકા ગ્રુપ પ્રાથમિક શાળા નંબર ૧ (નવાપુરા–દરબારી શાળા), જૈન નૂતન પ્રાથમિક રતનશી મુળજી કન્યા શાળા, ડો. જયંત ખત્રી પ્રાથમિક શાળા અને મસ્કા ઓક્ટ્રોય પ્રાથમિક શાળાનો સમાવેશ થતો હોવાનું માંડવી તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સમાજના પ્રમુખ અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા દિનેશભાઈ શાહે જણાવ્યું હતું.



## આઠ કોટી મોટીપક્ષ સ્થાનકવાસી જૈન સંઘના ત્રણ સાધુ ભગવંતો ભુજપુર ગામે ચાતુર્માસ કરશે

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૨૨

કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયના કાર્યવાહક પરમ પૂજય તારાચંદમુનિ મહારાજ સાહબે, પરમ પૂજય પ્રસાંતમુનિ મહારાજ સાહેબ અને પરમ પૂજય સમર્પણમુનિ મહારાજ સાહેબ આદિ ઠાણા ૩ આ વર્ષ્રો મુન્દ્રા તાલુકાના ભુજપુર ગામે ચાતુર્માસ કરનાર હોવાનું માંડવીના રાજય/રાષ્ટ્રીય અને સમાજ રત્ન એવોર્ડ વિજેતા દિનેશભાઈ શાહે જણાવ્યું હતું.

## શાળા નં-૭ અંજાર મધ્યે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી

અંજાર તા. ૨૩

સૌ પ્રથમ આ દિવસની ઉજવણી ૨૨ મી એપ્રિલ ૧૯૭૦ના રોજ કરવામાં આવી હતી. આ ખાસ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય લોકોને પર્યાવરણ વિશે જાગૃત કરવાનો છે. પૃથ્વી પર જળ, વનસ્પતિ, વન્યજીવ સંપદા, ખનિજ સંપત્તિ વગેરેનું સંરક્ષણ, જતન અને સંવર્ધન થકી સ્વસ્થ અને તંદુરસ્ત પૃથ્વીના નિર્માણમાં પોતાનો યથા યોગ્ય ફાળો આપી આ દિવસની ઉજવણી કરવામાં આવી.



વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી શ્રી અંજાર નગર પ્રાથમિક શાળા નં -૭ માં અભ્યાસ કરતા બાળકોને પૃથ્વીની વૈવિધ્ય સભર અણમોલ માહિતી આપી. આવનારી પેઢીઓ પણ પૃથ્વીના જતનમાં લાગી જાય તેવા પ્રયત્નો સાથે શાળાના વિદ્યાર્થીઓના સહકાર થકી નવતર પ્રયોગ અંતર્ગત ઘેર ઘેર વનસ્પતિઓનું મહત્વ સમજે અને પૃથ્વીનું સંરક્ષણ થાય તેવા ઉમદા હેતુસર વિદ્યાર્થીઓને કુંડા સાથેના ઔષધીય રોપા તૈયાર કરી શાળાના ગણિત - વિજ્ઞાન શિક્ષકશ્રી તરુણકુમાર શાહ દ્વારા ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યા. STP વર્ગના શ્રીમતી વિરલબેન દ્વારા બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય તે અંતર્ગત પર્યાવરણ બચાવો પૃથ્વી બચાવો વિચાર ઉપર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને પોતાના મૌલિક વિચારો લખવા માટે પ્રેરિત કર્યા હતા. શાળાના આચાર્યશ્રી હસમુખભાઈ પટેલ અને શાળાના સ્ટાફ પરિવાર તથા જીૅ વર્ગના શ્રીમતી વિરલબેન દ્વારા બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુસર સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. પર્યાવરણના સંરક્ષણ સાથે જાગૃતિ કેળવાય તે માટે આ દિવસની ઉજવણી કરાઈ હતી.

ભુજમાં શુદ્ધ શાકાહારી ભોજન, ઓફિસ,બેંક અને વિદ્યાર્થીઓ માટે
હોમ ડીલેવરી ફ્રી
ૐ ઓમ ટીફીન સર્વિસ
સંપર્ક મો. ૮૪૯૦૯૯૫૩૮૪

MUSKAN
RO
SALES & SERVICE
Fresh Aqua-Oseas Aqua
anam nagar, atmaram circle, bhuj-kutch, 370001
Sarif Luhar- 95103 62011
Mustak Luhar - 98258 52498

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER Printed at JAHNAVI Offset,105/B,Lotus colony BHUJ-KUTCH370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH,Editor RAM KARSHANDAS THACKER


હિતેશ રૂપારેલ
મો. ૯૯૭૯૩ ૨૭૦૦૫
ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં મકાન, દુકાન, ઓફિસ, પ્લોટ, ગોડાઉન લે-વેચ તથા ભાડે મેળવવા માટે સંપર્ક કરો.
ઓફિસ દુકાન નં. ૨, પ્લોટ નં. ૩૦૬, ૧૨/બી હરિકૃપા કોમ્પ્લેક્ષ, સોની સમાજવાડી સામે, ગાંધીધામ-કચ્છ.
શ્રીજી એસ્ટેટ એજન્સી



કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક
# વાવડ
તંત્રી : રામ કરશનદાસ ઠક્કર • કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર




તમામ પ્રકારની રિવોલ્વીંગ ચેરના સમારકામ માટે ભરોસાપાત્ર સ્થળ...
એચ.આર. ફર્નિચર માર્ટ

પાંજરાપોળ શેરીની સામે વાણિયાવાડ રોડ, ભુજ-કચ્છ.
સુનિલ પરમાર મો. ૮૪૬૯૬ ૮૦૬૪૯







# ભાજપને ૪૦૦થી વધુ બેઠક અને ગુજરાતમાં સૌથી વધુ સરસાઇ કચ્છના ઉમેદવાર વિનોદભાઇ ચાવડા અપાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની હાકલ

## કચ્છનો ઔદ્યોગિક, ટૂરિઝમ, ડેરી, કૃષિ એમ દરેક ક્ષેત્રે વિકાસ થયો છે : વિનોદ ચાવડા





નખત્રાણા, તા. ૨૩

૪૦૦થી વધુ બેઠક સાથે ભાજપને જીત મળે અને ગુજરાતમાં સૌથી વધુ સરસાઇ કચ્છના પક્ષના ઉમેદવાર વિનોદભાઇ ચાવડાને મળે એવી હાકલ અહીં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે નખત્રાણા ખાતે યોજાયેલ જાહેર સભાને સંબોધતાં કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં છેલ્લાં ૧૦ વર્ષમાં ભાજપ સરકારે તેનાં વિકાસકામો થકી મેળવેલો વિશ્વાસ વધી રહ્યો છે. ભાજપ એવો પક્ષ છે, જે 'નેશન ફર્સ્ટ-દેશ પ્રથમ'ની નીતિમાં માને છે. દરેક ચૂંટણી વખતે દેશની આર્થિક સહિતની સ્થિતિનાં કામોનાં લેખાં-જોખાં થાય અને મત આપવો કોને તેની ચર્ચા થાય, પરંતુ આ વખતે ભારતભરમાં સતત ત્રીજી વખત સરકારની રચનાનો માહોલ બની ચૂક્યો છે અને વિશ્વમાં ત્રીજા ક્રમની અર્થવ્યવસ્થા બનવાની તૈયારી થઈ ચૂકી છે. આપણો દેશ સતત આગળ વધી રહ્યો છે, વિકસિત ભારતનો પાયો રચાઇ ચૂક્યો છે ત્યારે ૪૦૦થી વધુ બેઠક સાથે ભાજપને જીત મળે અને ગુજરાતમાં સૌથી વધુ સરસાઇ કચ્છના પક્ષના ઉમેદવાર વિનોદભાઇ ચાવડાને મળે એવી હાકલ અહીં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જાહેર સભાને સંબોધતાં કરી હતી. સોમવારે સવારે માતાના મઢ દર્શન કરીને અહીંના બજરંગ ક્રિકેટ મેદાન ખાતે યોજાયેલી જાહેર સભામાં જાહેર સમયથી લગભગ એક કલાક મોડા પહોંચી શકેલા મુખ્યમંત્રી શ્રી પટેલે કહ્યું કે, દરેક ક્ષેત્રે કામો થયા છે. હવે ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન એનર્જી ક્ષેત્રે થનારા વિકાસમાં કચ્છ એ દેશનું હબ બનશે. કેટલાય દેશનું અર્થતંત્ર પાછળ ધકેલાયું છે, પણ ભારત સતત આગળ વધે છે અને પાંચમા ક્રમે પહોંચ્યા પછી ભારત ત્રીજા સ્થાને પહોંચવાની તૈયારી છે, પણ આ વખતે ચૂંટણી પહેલાં જ ત્રીજી વખત વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સરકારની રચનાનો માહોલ રચાઇ ચૂક્યો છે. ૧૦ વર્ષની કમળ સરકારનાં કામોનો ઉલ્લેખ કરતાં શ્રી પટેલે કહ્યુ કે, ચાર કરોડ પી.એમ. આવાસ, ૧૦૦થી વધુ વંદે ભારત ટ્રેન, નવાં એરપોર્ટ, નવી મેડિકલ કોલેજો, રેલવે વીજળીકરણ, કરદાતાઓની સંખ્યામાં વધારો એમ દેશના વિકાસને ગતિ આપી છે. ગુજરાતમાં વાયબ્રન્ટ મહોત્સવને ૨૦૦૩માં શરૂ કર્યો અને હાલમાં ૧૦મી કડી બાદ આજે વિશ્વની ટોચની ૫૦૦ કંપની પૈકીની ૧૦૦થી વધુ ગુજરાતમાં છે, પણ વિપક્ષ પાસે બેકારી-બેકારીનો જ બેબુનિયાદ મુદ્દો છે. મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, ભાજપ સરકાર આવ્યા બાદ કરદાતાની સંખ્યા ચાર કરોડમાંથી આઠ કરોડ થઈ, લોકો ટેક્સ ભરતા થયા, એ વિશ્વાસ બતાવે છે. કચ્છને નર્મદા મળે એ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીના કાળમાં ઉપવાસ કરવા પડયા. હવે કચ્છમાં પાણી સમસ્યા દૂર થઈ છે. કચ્છ લોકસભા મતવિસ્તારના ઉમેદવાર વિનોદ ચાવડાએ નખત્રાણા-અબડાસા વિસ્તાર અને સમગ્ર કચ્છ વતી મુખ્યમંત્રીને આવકારતાં આ વિસ્તાર તેમજ સમગ્ર કચ્છમાં થયેલા વિકાસકામોનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, જિલ્લાનો ઔદ્યોગિક, ટૂરિઝમ, ડેરી, કૃષિ એમ દરેક ક્ષેત્રે વિકાસ થયો છે અને લોકોની આર્થિક સમૃદ્ધિ વધી છે. પુંઅરેશ્વર, ધીણોધર, મતિયાદેવ, કોટેશ્વર, માતાના મઢ, મોટા યક્ષ સહિતના ધાર્મિક યાત્રાસ્થાનોના વિકાસકામો થકી પ્રવાસન વધ્યું છે. નર્મદાનાં વધારાનાં પાણીની ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે અને એ મળતાં થઈ જશે. શ્રી ચાવડાએ ઉમેર્યું કે, ૨૦૧૦માં વડાપ્રધાને કચ્છમાં ડેરી વિકાસનો કોલ આપ્યો અને આજે તેનાં માધ્યમથી કચ્છનાં ગામોમાં રોજગારી અને આર્થિક સમૃદ્ધિ વધી છે. નર્મદા થકી વાગડની પ્રગતિ બાદ હવે અબડાસા, લખપત તાલુકામાં આગામી દિવસમાં કૃષિ ક્રાંતિ આવશે. કોટેશ્વર સુધી બ્રોડગેજ દોડશે. સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. આ પહેલાં પ્રાસંગિક પ્રવચનમાં અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ કરેલાં જોશીલા પ્રવચનમાં કહ્યું કે, 'મુખ્યમંત્રી પાસે કોઈપણ રજૂઆત લઈને જઈએ, કામ થઈ જશે, ચિંતા ન કરો એ જ જવાબ હોય. અબડાસા વિસ્તારને ઘણું પરિણામ મળ્યું છે. હવે આપણો ઋણ ચૂકવવાનો સમય આવ્યો છે. આ લોકશાહી છે. આમાં જ્ઞાતિ-ધર્મ ન ચાલે એ સ્પષ્ટ વાત સમજવાની છે.' કચ્છી ભાષામાં અને લોકોની તાળીઓ મેળવવા સાથે આ મતવિસ્તારના ધારાસભ્યએ કહ્યું કે, નર્મદાના ૧૪૬૫ કરોડના કામો ચાલુ છે. પુલ, ડેમ, તળાવ, રસ્તા, વિદ્યાલય, કોલેજ, છાત્રાલય, માતાના મઢ-જખ, પુંઅરેશ્વર જેવા ધાર્મિક સ્થાન હોય, જ્યારે જઈએ ત્યારે મુખ્યમંત્રી નારાજ નથી કરતા. દેશના છેવાડાના વિસ્તારમાં અનેક કામો કર્યા છે, જેને બિરદાવવા શબ્દો નથી. કચ્છમાં ભાજપને પાંચ લાખની સરસાઈમાં કોઈ ફેર ન પડવો જોઈએ, પેટી ખુલશે ત્યારે સંતોષ થશે. જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે સ્વાગત પ્રવચન કરતાં કમળને જીતાડવા અપીલ કરી હતી. આ પ્રસંગે જિલ્લા સંગઠન પ્રભારી કશ્યપ શુક્લા, જિ.પં. પ્રમુખ જનકસિંહ જાડેજા, ધારાસભ્યો કેશુભાઈ પટેલ, અનિરુદ્ધ દવે, વીરેન્દ્રસિંહ જાડેજા, ત્રિકમભાઈ છાંગા, માલતીબેન મહેશ્વરી, કચ્છ લોકસભાના પ્રભારી કમલેશ મીરાણી, પૂર્વ મંત્રી વાસણભાઈ આહીર, નખત્રાણા, અબડાસા, લખપત બેઠક પ્રભારી વાલજીભાઈ ટાપરિયા, અમૂલ દેઢિયા, નરેશ મહેશ્વરી, સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલ, પૂર્વ ધારાસભ્યો પંકજ મહેતા, રમેશ મહેશ્વરી, ઉપેન્દ્ર ઉપાધ્યાય, તા.પં. પ્રમુખ ભાવનાબેન પટેલ, ઉપપ્રમુખ દક્ષાબેન બારુ, જિ.પં. આરોગ્ય સમિતિ ચેરમેન રાજેન્દ્રસિંહ જાડેજા વિગેરે હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નખત્રાણા તા. ભાજપ મહામંત્રી હરિસિંહ રાઠોડ, ચંદનસિંહ રાઠોડે અને આભારવિધિ નખત્રાણા તા. ભાજપ પ્રમુખ દિલીપ નરસિંગાણીએ કરી હતી. વિધાનસભા ચૂંટણી સંયોજક લાલજી રામાણી, ચેતન કતિરા, અનવર નોડે વિ.એ વ્યવસ્થા સંભાળી હતી.

### કચ્છ બેઠક માટે જરાય ચિંતા ના કરતા : પ્રદ્યુમનસિંહ જાડેજા



અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પોતાના સ્વાગત પ્રવચનમાં મહાનુભાવોને આવકાર્યા બાદ જિલ્લાને અને મતવિસ્તારને મળેલા સરકારી લાભો વિશે તેમણે જણાવ્યું હતું અને સીએમને કચ્છ બેઠક માટે જરાય ચિંતા ના કરતા અમારા બુથ ખુલે ત્યારે તમે જોજો અમારું પરિણામ, એમ કહ્યું હતું.




## લોકોની સુખાકારી માટે મા આશાપુરા પાસે પ્રાર્થના

માતાના મઢ, તા. ૨૩

આગામી લોકસભા ચૂંટણીના પ્રચાર અર્થે કચ્છ આવેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સૌ પ્રથમ યાત્રાધામ માતાના મઢ પહોંચ્યા હતા. જ્યાં માં આશાપુરા મંદિર ખાતે માતાજીની મૂર્તિના દર્શન કર્યા હતા.

જાગીર ટ્રસ્ટના અધ્યક્ષ યોગેન્દ્ર સિંહજી રાજાબાવા તેમજ મઢ જાગીર ટ્રસ્ટી - ખેંગારજી જાડેજા, વિનોદભાઈ સોલંકી તથા પ્રવીણસિંહ વાઢેરે મુખ્યમંત્રીનું ચાંદીમાં મઢેલી ફ્રેમવાળી માતાજીની છબી સાથે સન્માન કર્યું હતું. આ અવસરે ઉમેદવાર વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ આહીર, ધારાસભ્યો અનિરુદ્ધભાઈ દેવ, પ્રદ્યુમનસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, ધવલ આચાર્ય, વિકાસભાઈ ગોર, ઉમિયાશંકરભાઈ ગોર, ભરત શાહ, કાનજીભાઈ આહીર, સુરેન્દ્રસિંહ જાડેજા, રમેશભાઈ જોશી, મયુરસિંહ જાડેજા, જશુભા જાડેજા, મુન્દ્રા નગરપાલિકા પ્રમુખ રચનાબેન જોશી, વસંતભાઈ કોડરાણી, મા. મઢના વેપારી અગ્રણી જયંતીભાઈ શાહ સહિતના ભાજપ અગ્રણી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. મઢ જાગીરના ટ્રસ્ટી સાથેની શુભેચ્છા મુલાકાતવેળાએ અહીં ચાલતા વિકાસકાર્ય ઉપર પુરંતુ ધ્યાન રાખવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું તેવું ભાજપ અગ્રણી તેમજ મઢ જાગીરના ટ્રસ્ટી પ્રવીણસિંહ વાઢેરે જણાવ્યું હતું.

## સીએમની હાજરીમાં રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના ઉપપ્રમુખે ભાજપનો ખેસ ધારણ કર્યો

નખત્રાણ તા. ૨૩

નખત્રાણા ખાતે ચૂંટણી કાર્યાલયના ઉદઘાટન માટે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની હાજરીમાં અનેક મહત્વપૂર્ણ વિપક્ષી નેતાઓએ ભાજપનો ખેસ ધારણ કરી લીધો હતો. જેમાં રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના ઉપપ્રમુખ નરેશ મહેશ્વરી સહિતના કાર્યકરોએ ભાજપમાં સામેલ થઇ ગયા હતાં.

નખત્રાણા ખાતેની સભામાં નરેશ મહેશ્વરીની સાથે ભીમ આર્મી કચ્છના નીલ વિંઝોડા સહિતના કાર્યકરો ભાજપમાં જોડાયા હતાં. નોંધનીય છે કે નરેશ મહેશ્વરી કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીના ખાસ સાથીદાર તરીકે માનવામાં આવે છે. કચ્છમાં નરેશ મહેશ્વરીને જ રાષ્ટ્રીય અધિકારી મંચના વિવિધ કાર્યક્રમોની જવાબદારી સોંપાતી હતી. તેવામાં ભાજપમાં જોડાવાથી કોંગ્રેસને ફટકો પડી શકે છે. ખાસ કરીને વાગડમાં આની અસર થઈ શકે છે તેવુ રાજકીય સમીક્ષકો જણાવી રહ્યા છે.



### સાથી કાર્યકરો સાથે કેસરીયા પક્ષમાં જોડાતા રાજકીય સમીકરણો બદલાશે

## ભુજમાં હાટકેશ પાટોત્સવની ઉજવણી

ભુજ, તા. ૨૩

વડનગર નાગર જ્ઞાતિ વ્યવસ્થાપક મંડળ ભુજ અને હાટકેશ પાટોત્સવ ઉજવણી સમિતિના સંયુક્ત ઉપક્રમે હાટકેશ જયંતીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. અંબિકા સદનના લોકાર્પણ, શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ ઉજવણીના પ્રારંભે અંબિકા સદનનું ઉદ્ઘાટન કરાયું હતું. ગાયત્રી હવનની વિધિ તરુલતાબેન કૈલાશભાઈ અંતાણી દંપતીના હસ્તે સંપન્ન કરાઈ હતી. હવનની વિધિ દિનેશ અંતાણીએ કરાવી હતી. દાતા પરિવારના સભ્યોએ હવનમાં આહુતિ આપી હતી. લઘુરુદ્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. બાદમાં શોભાયાત્રા નીકળી હતી. જે શહેરના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ હાટકેશ્વર મંદિરે આવી હતી. રવાડી દરમ્યાન ગેરવાળી વંડી ગરબી મંડળ તરફથી જ્ઞાતિના પ્રમુખ અતુલભાઈ મહેતાનું સન્માન સંજીવભાઈ બુચે, મંત્રી ડો. ઉર્મિલ હાથીનું ભાવેશભાઈ પાઠકે તો ટ્રસ્ટી નિશાંત વોરાનું સન્માન દીપક ઠક્કરે કર્યું હતું. સચિવાલય ગ્રુપ તેમજ શિવમ ભરતભાઈ વૈષ્ણવના સ્મરણાર્થે કલ્પનાબેન ભરતભાઈ વૈષ્ણવ તરફથી આનુસાંગિક સહયોગ મળ્યો હતો. લઘુરુદ્રીની પૂર્ણાહુતિ પૂર્તિબેન કેતનભાઈ વૈષ્ણવ દંપતી દ્વારા કરાઈ હતી. લઘુરુદ્રની વિધિ ખંજનભાઈ અનિમેષ વોરા દ્વારા કરવામાં આવી હતી. તેઓની મદદમાં નિકુંજ ભૂપેન્દ્રભાઈ જોશી તથા પ્રેયષ મુકેશભાઈ ધોળકિયા રહ્યા હતા. લઘુરુદ્રની પૂર્ણાહુતિ બાદ કિશોરભાઈ વ્યાસ, હરમન ઝાલા દ્વારા મહાઆરતી યોજાઈ હતી. પૂજનવિધિ કનુભાઈ વ્યાસ દ્વારા કરાઈ હતી. સાંજના જ્ઞાતિજનો તથા આમંત્રિતો માટે હાટકેશ કોમ્પ્લેક્ષ મધ્યે મહાપ્રસાદ યોજાયો હતો. પાલખીયાત્રાનો લાભ પ્રતિક કેતન ધોળકિયા, અંકિત અનિલ વૈદ્ય, પ્રત્યુષ દર્શક અંજારિયા, અંકિત જ્યોતિષભાઈ અંજારિયા, રાકેશ કમલેશ વૈદ્ય, હર્ષ સુધીર વોરા અને વેદાંત તુષાર પટ્ટણીએ લાધો હતો. હેમયજ્ઞ સ્વ. યજ્ઞેશભાઈ ઝવેરીલાલ ધોળકિયા તરફથી સ્વ. ભુજંગીલાલ વિજયશંકર સ્વાદિયાના પુત્રી હેમાબેન યજ્ઞેશભાઈ ધોળકિયાના સ્મરણાર્થે પ્રેમાંશુ ગિરીશભાઈ ધોળકિયા તરફથી જ્ઞાતિને રૂપિયા ૧,૧૧,૧૧૧નું દાન અપાયું હતું. બે દિવસીય ઉજવણીમાં જ્ઞાતિના સમસ્ત મંડળોનો સહયોગ મળ્યો હતો. હોદેદારો, સભ્યોએ જહેમત ઉઠાવી હતી. ભચાઉનાં હાટકેશ મંદિરના પૂજારી ભરતપુરી નેણપુરી ગોસ્વામી અને વત્સલપુરીએ હાટકેશ જયંતિ પ્રસંગે રુદ્રાભિષેક, પૂજન આરતી, થાળ, પ્રસાદ, દીપમાળાનું આયોજન કર્યું હતું. મહારાજ કનૈયાલાલ નાકરએ ધાર્મિક વિધિ સંપન્ન કરાવી હતી. વિરેન ઠક્કરનો સહયોગ મળ્યો હતો. લખપત તાલુકાનાં માતાના મઢ નજીક આવેલા કંઢોરા ગામે પૂજારી રાજેશભાઈ દ્વારા વિવિધ ધાર્મિક આયોજનો હાથ ધરાયા હતા એમ અગ્રણી ગનુભા દેવુભા જાડેજાએ જણાવ્યું હતું. સ્વરૂપાસિંહ જાડેજા, જીતુભા વ. આગેવાનોનો સહયોગ મળ્યો હતો. ભુજ હાટકેશ સેવા મંડળનું માર્ગદર્શન મળ્યું હતું. હાટકેશ સેવા મંડળ અને અંબિકા મહિલા મંડળ દ્વારા પાટોત્સવની ઉજવણી નિમિત્તે સાડી સ્પર્ધા તેમજ પિતાંબરી સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરાયા હતા. વિભાકર અંતાણી, આશિષ વૈદ્ય, જયશ્રીબેન હાથી, જગદીશચંદ્ર છાયા સહિત હાજર રહ્યા હતા.





## રાપર પોલીસે શ્રમજીવીના રૂપિયા શોધી આપી માનવતાનું કાર્ય કર્યુ

ભુજ તા. ૨૩

આજના સમયમાં પોલીસ સામે લોકો શંકાના દાયરામાં મા જોવે છે ત્યારે પોલીસ કર્મચારીઓ જે માનવતા નુ કામ કરે છે તેમની નોંધ ભાગ્યે જ લેવાતી હોય છે ત્યારે વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર શહેર મા ગત તાજેતરમાં રીક્ષામાં ભુલી ગયેલાગેડી ગામ ના મજુર શ્રમજીવી જેઠાભાઈ જીવાભાઈ પારકરા કોળી રાપર ની બજારમાં પચાસ હજાર જેટલી રકમ લઈ ભાણેજ ના લગ્ન પ્રસંગે ખરીદી કરવા માટે આવ્યા હતા ત્યારે કોઈ જગ્યાએ આ માતબર રકમ ગુમ થઈ ગઈ હતી ત્યારે ગુમસૂમ બની ગયેલ જેઠાભાઈ અહીં તહીં ભટકી રહ્યા હતા ત્યારે કોઈ એ તેમને રાપર પીઆઇ જે.બી.બુબડીયા ને મળવા માટે કહ્યું હતું ત્યારે પીઆઇ એ તેમની વાત સાંભળી ને રાપર પોલીસ મથકના કર્મચારીઓ ચંદનભાઈ પુરબીયા વશરામ ચૌધરી રામદેવસિંહ જાડેજા કમલેશભાઈ ભાઈ ચાવડા મુકેશ ચાવડા નરેશ ઠાકોર સહિત ના કર્મચારીઓ ને રાપર શહેર મા આવેલ રીક્ષા શોધી કાઢવા માટે સીસીટીવી કેમેરા તથા જે સ્થળે ગયા હતા તે સ્થળ પર તપાસ કરવા માટે એલર્ટ કરી દીધા હતા ત્યારે આ શ્રમજીવી ના રુપિયા પુરેપુરા રાપર ની રીક્ષામાં મળી આવ્યા હતા જે આજે બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ વડા સાગર બાગમાર ની સુચના રાપર પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી.બુબડીયા તથા પોલીસ કર્મચારીઓ ની હાજરી મા અપર્ણ કરવામાં આવ્યા હતા ત્યારે આ શ્રમજીવી ને આજે કાળી મજુરી ના રુપિયા પરત મળતા હરખની હેલી વચ્ચે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ નૈ ખુબ ખુબ અભિનંદન સહ તમારુ સારુ થશે ની ભાવના સાથે ખુશ ખુશાલ થઈ ગયા હતા

## ગાંધીધામમાં હાટકેશ જયંતીની હર્ષોલ્લાસભેર ઉજવણી

ગાંધીધામ તા. ૨૩

ગાંધીધામના સમસ્ત નાગર મંડળ દ્વારા ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવની જન્મ જયંતી 'હાટકેશ જયંતી'ની વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજી ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વેળાએ યોજાયેલી સામાન્ય સભામાં વિવિધ બાબતો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ વેળાએ સવારે શહેરના ઝંડાચોક સ્થિત હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે રૂદ્રી, પુજાનું આયોજન કરાયું હતું. નિમિષાબેન ધીરેનભાઈ છાયા દંપતિએ પુજાવિધિનો લાભ લીધો હતો. રુદ્રી, પુજા દરમ્યાન શિવ મહીમ્ન સ્તોત્ર સહિતના સ્તોત્રનું સમુહગાન કરવામાં આવ્યું હતું. બપોરે હાટકેશ્વર ભગવાનની મહાઆરતી કરાઈ હતી. સાંજે લાયન્સ કલબ ખાતે જ્ઞાતિની સામાન્ય સભાનું આયોજન કરાયું હતું. જ્ઞાતિ પ્રમુખ ધિરેન છાયાએ વર્ષ દરમ્યાન જ્ઞાતિની વિવિધ પ્રવૃતિનો ચિતાર આપ્યો હતો અને ભાવિ આયોજનો અંગે ખ્યાલ આપ્યો હતો અને જ્ઞાતિજનોના વધુ સહકારની અપેક્ષા વ્યકત કરી હતી. આ વેળાએ મંડળની વેબસાઈટ ssnmg.org.inનું પ્રદિપભાઈ છાયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જ્ઞાતિ ઉત્કર્ષ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ વેળાએ નવી કારોબારીની રચના અંગેની પણ કાર્યવાહી કરવામાં આવી હતી. આયોજનને પાર પાડવા જ્ઞાતિ પ્રમુખના માર્ગદર્શન હેઠળ ઉપપ્રમુખ સંજય મહેતા, માનદમંત્રી રામકૃષ્ણ મહેતા, સહમંત્રી સંજય ધોળકીયા, કારોબારી સભ્યો દ્વૈપાયન ઢેબર, હરસિધ્ધ વૈદ્ય, યશેષ બુચ, નિલય વૈદ્ય, ખંજન અંજારીયા, ફાલ્ગુની મહેતા વિગેરે સહયોગી બન્યા હતા.

